# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-12-2025 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## જી રામ જી બિલ -2025

સંસદે "વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટે ગેરંટી:વિકસિત ભારત - જી રામ જી બિલ, 2025" પસાર કરી દીધું છે, જેને રાજ્યસભાએ ગઈકાલે રાત્રે મંજૂરી આપી હતી. લોકસભાએ ગઈકાલે આ બિલ પસાર કર્યું હતું.

આ બિલ વિકાસ ભારત 2047 ના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ સાથે સંરેખિત ગ્રામીણ વિકાસ માળખું સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે. કાયદા હેઠળ, દરેક ગ્રામીણ પરિવારને દરેક નાણાકીય વર્ષમાં 125 દિવસના વેતન રોજગારની વૈધાનિક ગેરંટી આપવામાં આવશે, જેના પુખ્ત સભ્યો સ્વેચ્છાએ અકુશળ મેન્યુઅલ કામ કરવા માટે તૈયાર હોય છે.

---------------------------------------------------------------------------------

## PM–WHO વૈશ્વિક શીખર પરિષદ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં પરંપરાગત દવા પર બીજા **WHO** વૈશ્વિક શિખર સંમેલનના સમાપન સમારોહમાં ભાગ લેશે.

આ પ્રસંગે, પ્રધાનમંત્રી સભાને સંબોધિત કરશે અને અનેક સીમાચિહ્નરૂપ આયુષ પહેલો શરૂ કરશે, જેમાં આયુષ ક્ષેત્ર માટે એક માસ્ટર ડિજિટલ પોર્ટલ, માય આયુષ ઇન્ટિગ્રેટેડ સર્વિસીસ પોર્ટલનો સમાવેશ થાય છે. તેઓ આયુષ માર્કનું પણ અનાવરણ કરશે, જે આયુષ ઉત્પાદનો અને સેવાઓની ગુણવત્તા માટે વૈશ્વિક માપદંડ તરીકે કલ્પના કરવામાં આવે છે.

આ કાર્યક્રમ દરમિયાન, શ્રી મોદી યોગમાં તાલીમ પર **WHO** ટેકનિકલ રિપોર્ટ અને "ફ્રોમ રૂટ્સ ટુ ગ્લોબલ રીચ: 11 યર્સ ઓફ ટ્રાન્સફોર્મેશન ઇન આયુષ" પુસ્તકનું પણ વિમોચન કરશે. તેઓ અશ્વગંધા પર એક સ્મારક પોસ્ટલ સ્ટેમ્પનું વિમોચન કરશે,

**--------------------------------------------------------------------------------**

## PM – ઓમાન મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓમાનના સુલતાન હેતમ બિન તારીખ અલ સહિત સાથે મુલાકાત કરી તેને દીપક્ષી મુદા પર ચર્ચા કરી હતી આ દરમિયાન ભારત અને ઓમાન વચ્ચે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરાયા હતા.

દરમિયાન ભારત ઓમાન બિઝનેસ ફોરમને સંબોધન કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આ સમિટ ભારત ઓમાન ભાગીદારીને નવી દિશા અને ગતિ આપશે. તેમણેકહ્યું કે માંડવી અને મસ્કત વચ્ચેનું અરબી સમુદ્ર વિપક્ષીય સંબંધોનો મજબૂત પુલ બની રહ્યો છે. આ અવસરે ઓમાન સરકારે દ્વિ પક્ષીય સંબંધો મજબૂત બનાવવામાં યોગદાન આપવા બદલ પ્રધાનમંત્રી મોદીને સર્વોચ્ચ સન્માન ઓર્ડર ઓફ ઓમાન થીસન્માનિત કરાયા હતા. આ મોદીનું 28 સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન છે

**--------------------------------------------------------------------------------**

## SIR – 2026

યાદીની વિશેષ સઘન સુધારણા-**SIR**ની મુસદ્દા મતદાર યાદી આજે પ્રસિદ્ધ થશે. મતદારો મુખ્ય ચૂંટણી અધિકારીની વેબસાઇટ **ceo.gujarat.gov.in,** વોટર પોર્ટલ : **voters.eci.gov.in, ECINET App, BLO** પાસેથી તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી/**ERO/AERO** કચેરી ખાતેથી પોતાનું નામ ચકાસી શકશે. મતદારયાદી પ્રસિદ્ધ થયા બાદ, 18 જાન્યુઆરી 2026 સુધી મતદારયાદી સબંધી વાંધા-દાવા રજૂ કરી શકાશે.

મુસદ્દા મતદાર યાદીમાં નામ ન હોય તો મતદારયાદીમાં નામ દાખલ કરાવવા માટે ફોર્મ નં.6 ભરીને તેની સાથે સોગંદનામું રજૂ કરીને તથા જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સામેલ

રાખીને ઓન લાઇન/ઓફ લાઇન અરજી કરી શકાશે. જો મુસદ્દા મતદારયાદીમાં દર્શાવેલ વિગતોમાં કોઇ ભૂલ હોય તો જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સાથે ફોર્મ નં.8 ભરીને અરજી કરી શકાશે. મુસદ્દા મતદારયાદીમાં કોઇ પણ પ્રકારનો વાંધો રજૂ કરવા માટે ફોર્મ નં.7 ભરીને અરજી કરી શકાશે.

---------------------------------------------------------------------------------------

## વાયબ્રન્ટ ગુજરાત –રિજનલ કોન્ફરન્સ

પ્રધાનમંત્રી. કચ્છ-સૌરાષ્ટ્ર ખાતેની વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (**VGRC)** દ્વારા ઉદ્યોગ, રોકાણ અને રોજગારને વેગ આપવા ભવ્ય કાર્યક્રમોનું આયોજન આજથી પોરબંદર, દ્વારકા, ભાવનગર, બોટાદ અને સુરેન્દ્રનગરમાં **VGRC** અંતર્ગત યોજાશે સેમિનાર, **MoU** સાઇનિંગ અને "સશકત નારી મેળા" અને પ્રદર્શનો યોજાશે...

ઉલ્લેખનીય છે કે, આ તમામ જિલ્લાસ્તરીય કાર્યક્રમોમાં સફળ ઉદ્યોગકારોના અનુભવ અંગેનો સંવાદ, **MOU** સાઇનિંગ, ચેક વિતરણ, સ્ટાર્ટ-અપ અને **MSMEs** માટે ઉપયોગી સેમિનારો તેમજ પ્રદર્શનોનું આયોજન કરવામાં આવ્યું છે. **VGRC** અંતર્ગત આયોજિત આ પહેલ સરકાર, ઉદ્યોગો અને રોકાણકારો વચ્ચે સંવાદ વધુ મજબૂત બનાવી "વિકસિત ગુજરાત @ 2047"ના વિઝનને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે...

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચ ટી 20 મેચની શ્રેણીની પાંચમી અને અંતિમ ટી 20 મેચ આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. બુધવારની લખનૌ ખાતેની ચોથી ટી 20 મેચ ધુમ્મસને કારણે રદ કરવી પડી હતી. ભારત બે વિરુદ્ધ એકની સરસાઇ ધરાવે છે. તેથી શ્રેણીની હાર જીત માટે આજની મેચ નિર્ણાયક બની રહેશે એમ મનાય છે. મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી બદલાતા હવામાન વચ્ચે આજે ઠંડીના જોરમાં આશિક ઘટાડો જોવા મળ્યો હતો.

જિલ્લાના વિવિધ મથકોએ લઘુતમ તાપમાનમાં ગઈકાલની સરખામણીએ સામાન્ય વધારો નોંધાતા ઠંડીમાં થોડી રાહત થઇ છે., આજે નલિયામાં લઘુતમ તાપમાન ૧૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું જયારે જિલ્લા મથક ભુજમાં ૧૫.૨ ડિગ્રી અને કંડલામાં ૧૭.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

---------------------------------------------------------------------------------------